## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**ના ચાલે... ફરીથી માળિયે ચડીને પુરેપુરી સફાઈ કરી દો... મને સરકારી ભાષામાં ન સમજાવો કે માળિયામાં સફાઈની સર્જીકલ સ્ટ્રાઈક કરી દીધી !! શું સમજ્યા...!**

# ગ-૧ પાસે રખડતા ઢોરના જાહેરનામા દર્શાવતુ બોર્ડ ગાયબ

## વિવિધ પશુઓની કેટેગરી તેમજ દંડની રકમ જોઈ કોઈ બોર્ડ ઉઠાવી ગયું...

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરને લઈ અનેક સમસ્યા પ્રવર્તી રહી છે. જેને અનુલક્ષી તાજેતરમાં મનપા દ્વારા લાખો ખર્ચે મુકિતધામની બાજુમાં ઢોરવાડો તૈયાર કર્યો છે. અને તેમાં શહેરના માર્ગો પર નધણિયાતા ફરતા તમામ પશુઓને રાખવામાં આવશે અને પશુમાલિકો પાસેથી જોગવાઈમુજબ દંડ વસુલવામાં આવશે. આ જાહેરનામા દર્શાવતા બોર્ડ મનપા દ્વારા શહેરના માર્ગો તેમજ મુખ્ય સર્કલો પર મુકવામાં આવ્યા હતા. જેથી નાગરીકો તેમજ પશુમાલિકોને જાણ થાય પરંતુ બોર્ડ લગાવ્યાને ૪૮ કલાકનો સમય થયો નથી ત્યાં સુધીમાં તો નગરના ગ-૧ પાસે લગાવેલ જાહેરનામાનું બોર્ડ જ ગાયબ થઈ જવા પામ્યું છે. આ વિસ્તારમાંથી બોર્ડ ગાયબ થતા વસાહતીઓ તેમજ નગરજનોમાં પણ અનેક તર્કવિતર્ક ઉભા થયા છે. મનપા દ્વારા હજુ સુધી માર્ગ પર રખડતા ઢોર પકડવાની કામગરીનો પ્રારંભ કર્યો નથી. પરંતુ તંત્રના જાહેરનામા દર્શાવતા બોર્ડ ગાયબ થઈ રહ્યા છે. ત્યારે આ જાહેરનામાના બોર્ડ જતા રહે નહી તેની કાળજી મનપા તંત્રએ લેવી જરુરી બની છે. ગાંધીનગરમાં મનપાના જાહેરનામાની કોઈ અસર કયાં પણ દેખાતી નથી. શહેરના માર્ગો પર હજુ પણ આડશરુપ રખડતા ઢોર નજરે પડી રહ્યા છે. તંત્ર દ્વારા રખડતા ઢોર પકડીને તાત્કાલીક નિર્ણય લઈ પાંજરાપોળમાં મુકવામાં આવે તેવી લોગમાંગ ઉઠવા પામી છે. નહીતર મનપા તંત્ર દ્વારા ઢોર પકડવાની કામગીરી શરુ થાય તે પહેલા સમગ્ર શહેરમાંથી હજારો રુપીયાના ખર્ચે તૈયાર કરીને લગાવેલા જાહેરનામાના બોર્ડ ગાયબ થઈ જાય તો નવાઈ નહી તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે આગામી દિવસોમાં તંત્ર દ્વારા શું એકશન લેવાય છે તે જોવુ રહ્યું.....?



# હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગમાં મંગળ-શુક્ર આવતા દર્દીઓને ધરમધક્કા

### ફિટનેશ અને રેસ્ટ સર્ટીફિકેટ માટે આવતા લાભાર્થીઓને પણ હેરાન ગતિ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં ઓર્થોપેડીક વિભાગમાં લાલીયાવાડી ચાલી રહી હોય તેવુ લાગી રહ્યું છે. જિલ્લામાંથી આવતા દર્દીઓને બુધ-શુક્રમાં કોઈ ઓનરરી એસોસિએટેડ પ્રોફેસર ડોકટર મળતા નથી તેવો શુર દર્દીઓમાં ઉઠવા પામ્યો છે. દર્દીઓને માત્રને માત્ર રેસીડન્ટ સિનિયર ડોકટર પાસે ચેકઅપ કરાઈને પરત ફરવાનો વારો આવે છે. જયારે આ બે દિવસોમાં આવતા ફિટનેશ અને રેસ્ટના ઓર્થોપેડીક વિભાગના લાભાર્થીઓને માત્ર ધક્કા સિવાય કંઈ હાથ લાગતું નથી. ત્યારે હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગમાં કાયમી ઉકેલ આવે તેવી માંગ દર્દીઓમાં ઉઠવા પામી છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી દ્વારા સંચાલિત હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ સારવાર માટે આવે છે. સંકુલ પાછળ સોસાયટી દ્વારા કરોડો રૂપીયા ખર્ચે કરીને આધુનિક બનાવાઈ છે.પરંતુ દર્દીઓને પડતી હાલાકી યથાવત રહેવા પામી હોય તેવુ લાગી રહ્યું છે. હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગની ઓપીડીના રોજના અંદાજીત ૧૦૦ થી વધુ દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. પરંતુ દર્દીઓને સોમ-ગુરુ અને બુધ-શનિમાં ડોકટરની સારવાર અને સુચન મળી રહે છે. જયારે બાકીના સોમ અને શુક્રમાં તો સિનિયર અને જુનિયર ડોકટરો પાસેથી સારવાર મેળવી પરત ફરવુ પડે છે. પરંતુ મુસીબત ત્યારે ઉભી થાય છે જયારે રેસ્ટ અને ફિટનેશ માટે જો કોઈ વ્યકિત આવે તો તેમને મંગળ - શુક્રમાં માત્રને માત્ર ધક્કો જ પડે છે. કારણે કે ઓનરરી ડોકટર છેલ્લા ઘણા સમયથી દેખા દેતા ન હોવાનો શુર દર્દીઓમાં ઉઠવા પામ્યો છે. જયારે એસોસીએટેડ ડોકટર બાદ સિનિયર રેસીડન્ટ ફિટનેસ કે રેસ્ટ સર્ટીફિકેટમાં સહી કરી શકે નહી. ત્યારે મંગળ અને શુક્રવારે ડોકટરની સારવાર મળે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



## રાજસ્થાન જતી બસો હવે રાણીપથી ઉપડશે

ગુજરાતની નજીક આવેલા રાજસ્થાનના વિવિધ શહેરો સુધી એસ.ટી. બસોનુ સંચાલન કરવામાં આવે છે. રાજસ્થાન જતી આંતરરાજ્ય બસ સર્વિસનું સંચાલન ગીતામંદિરના બદલે રાણીપ બસપોર્ટથી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના 'અમદાવાદ સેન્ટ્રલ બસપોર્ટ' ખાતેથી સંચાલીત થતી રાજસ્થાન આંતરરાજ્ય બસ સર્વિસોને તા. ૧૯મી ઓક્ટોબરના રોજથી 'ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના રાણીપ બસપોર્ટ ખાતેથી સંચાલન કરવાનો નિર્ણય' ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા લેવાયો છે. આંતરરાજ્ય સર્વિસોના, અમદાવાદ સેન્ટ્રલ બસપોર્ટ ખાતેથી રાણીપ બસ સ્ટેશન ખાતે વિના મુલ્યે લઈ જવા માટે (પ્લેટફોર્મ નં. ૨૦) ઉપરથી મીની બસોનું આયોજન કરાયું છે.

# ટ્રેન નીચે પડતુ મુકીને વજાપુરાનાં પ્રૌઢનો આપઘાત

### સવારે ગામ પાસેથી પસાર થતી રેલ્વે ટ્રેક પર જઇને અંતિમ પગલુ ભર્યુ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર નજીક આવેલા વજાપુરા ગામમાં રહેતા ૫૬ વર્ષિય પ્રૌઢે આજે સવારે પોતાના ગામની સિમમાંથી પસાર થતી રેલ્વે ટ્રેક પર જઈને ટ્રેન નીચે પડતુ મુકી મોતને વ્હાલુ કરી લીધુ હતુ. ઉદેપુર-અમદાવાદ ટ્રેન નીચે પડતુ મુકીને પ્રૌઢે આપઘાત કરી લીધો હતો. ડભોડા પોલીસે મૃતદેહ પી.એમ માટે મોકલીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર તાલુકાનાં ડભોડા નજીક આવેલા વજાપુરા ગામમાં રહેતા ૫૬ વર્ષિય ખોડાજી નાથાજી મકવાણાએ આજે સવારે સાડા નવ વાગ્યાનાં અરસામાં ટ્રેન નીચે પડતુ મુકી આપઘાત કરી લીધો હતો. ખોડાજીએ પોતાના ગામ વજાપુરા પાસેથી પસાર થતી રેલ્વે ટ્રેક પર પહોંચી જઈ સવારે ત્યાથી પસાર થઈ રહેલી ઉદેપુર-અમદાવાદ ટ્રેનની નીચે પડતુ મુક્યુ હતુ. ટ્રેન નીચે કપાઈ જવાથી ખોડાજીનુ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજ્યુ હતુ. ડભોડા પોલીસે ઘટના અંગે જાણ થતા અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપઘાતનુ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. પ્રાથમિક તપાસમાં ધ્યાને આવ્યુ છે કે ખોડાજી માનસિક બિમારીનાં રોગથી પિડાતા હતા. પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.



ગાંધીનગર શહેરના ગ માર્ગ પર સેકટર-૩-એ ન્યુના વળાંક પાસે છેલ્લા સાતેક દિવસથી બિનવારસી ટ્રક પડી રહ્યો છે. આરટીઓ સર્કલથી સામાન્ય અંતરે પડી રહેલા નધણિયાતા ટ્રકને લઈ રાહદારીઓ તેમજ વસાહતીઓમાં કુતુહલ સર્જાયું છે. બિન વારસી ટ્રકના માલિકની શોધખોળ હાથ ધરાય તેવી નાગરિકોની માંગણી છે. જયારે ઘણા સમયથી પડી રહેલા બિનવારસી ટ્રકને લઈ નાગરિકોમાં તરેહ તરેહની ચર્ચાઓ ચાલી રહી છે જયારે આરટીઓથી સામાન્ય દુરી પર પડી રહેલા ટ્રક પર હજુ સુધી કોઈનું ધ્યાન પડયું નથી તે પણ નવાઈની વાત છે.

## જે.એમ. ચૌધરી શાળાની બહેનોએ નેશનલ કક્ષાની ફેન્સીંગ સ્પર્ધામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૮

તા. ૬-૧૦-૧૬ થી તા. ૧૩-૧૦-૧૬ સુધી ફેન્સીંગની નેશનલ સ્પર્ધા ગ્વાલિયર (મધ્યપ્રદેશ) મુકામે યોજાઈ હતી. તેમાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭ ગાંધીનગરની વિદ્યાર્થીનીઓએ જુનિયર યુ.૧૪ તથા સબ જુનિયર કેડેટ યુ.૧૯ની સ્પર્ધામાં ભાગ લઈ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને શાળાનું નામ રોશન કરેલ છે.

શાળાના આચાર્યા સંતોકબેન ચૌધરી તેમજ વ્યાયામ શિક્ષિકા બહેનો લીલાબેન ચૌધરી, વિનાક્ષીબેન સુતરિયા તેમજ હેતલબેન દેસાઈ તથા શાળા પરિવારે ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે. નેશનલ કક્ષાએ ભાગ લેનાર વિદ્યાર્થીનિઓના નામ નીચે પ્રમાણે છે. જુનિયર - ચૌધરી કાજલ, ચૌધરી નીતા, ચૌધરી ચંદ્રિકા, ચૌધરી નિકિતા, ઝાલા દિયા, ચૌધરી મીરા, પટેલ શીતલ, ચૌધરી કની, ચૌધરી આશા, ચૌધરી નિશ્વા તથા સબ જુનિયરમાં ચૌધરી સાક્ષી, ચૌધરી નિસા, ચૌધરી મનિષા, ચૌધરી જાનવી, ચૌધરી નેહા, ચૌધરી સંજના, ચૌધરી અનિલાએ ભાગ લીધો હતો.

# બીએસએફ કેમ્પસ ખાતે જુડો-કુસ્તી વેઈટલીફટીંગ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-ચિલોડા માર્ગે આવેલા બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર હેડકવાટર્સ ખાતે બીએસએફ ઈન્ટર ફ્રન્ટિયર રેસલીંગ કલસ્ટર-૨૦૧૬ યોજાયેલ છે. આ સ્પર્ધામાં જુડો, વેઈટ લીફટીંગ, કુશ્તી વગેરે રમતની સ્પર્ધાઓ યોજાઈ હતી.

બીએસએફ ઈન્ટર ફ્રન્ટિયર રેસલીંગ કલસ્ટર ૨૦૧૬માં જુડોની ૧૦૦ કિગ્રાથી નીચેના વિભાગમાં ગુજરાત ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ આદિત્ય વિજેતા થયા હતા જયારે નોર્થ બેંગાલ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ વિક્રમસીંઘ રનર્સઅપ રહ્યા હતા. વેઈટ લીફટીંગની ૫૬ કિગ્રા કેટેગરીમાં પંજાબ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ સમરજીત રોય વિજેતા અને એમએન્ડસી ફ્રન્ટિયરના કોસ્ટેબલ ડબલ્યુ બસંતસીંગ રનર્સઅપ રહ્યા હતા. જયારે વેઈટ લીફટીંગની ૬૨ કિગ્રા કેટેગરીમાં જમ્મુ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ પ્રદિપ સાતી વિજેતા અને રાજસ્થાન ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ વિજયકુમાર રનર્સઅપ રહ્યા હતા. જુડો માં ૬૦ કિગ્રા કેટેગરીમાં સાઉથ બેંગાલ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ વિનોદકુમાર વિજેતા તથા રાજસ્થાન ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ સંદિપકુમાર રનર્સઅપ રહ્યા હતા. જુડોની ૧૦૦ કિગ્રાથી વધુની કેટેગરીમાં મેઘાલય ફ્રન્ટિયરના રવિન્દરસીંગ વિજેતા તથા નોર્થ બેંગાલ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ ગૌહત્તી ફ્રન્ટીયરના કોન્સ્ટેબલ દિપક પાન્ડે વિજેતા તથા રાજસ્થાન ફ્રન્ટિયરના રામ દયાલ કુન્દિયા રનર્સઅપ રહ્યા હતા આ કુશ્તીની ૯૮ કિગ્રાથી વધુની કેટેગરીમાં નોર્થ એમએન્ડસી ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ સુમિત ડાયા રનર્સ અપ રહ્યા હતા. આ કુશ્તીની ૬૫ કિગ્રા કેટેગરીમાં જમ્મુ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ સત્યેન્દ્ર યાદવ વિજેતા જયારે ગુજરાત



કેસિમોન રનર્સ અપ રહ્યા હતા.

ગ્રીકો રોમન કુશ્તીમાં ૫૯ કીગ્રા કેટેગરીમાં રાજસ્થાન ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ અશોકકુમાર વિજેતા તથા નોર્થ બેંગાલ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ ગોવિંદ યાદવ રનર્સ અપ રહ્યા હતા. આ કુશ્તીમાં ૭૧ કિગ્રા કેટેગરીમાં બેંગાલ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ બલવિન્દરસીંગ વિજેતા તથા સાઉથ બંગાલ ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ ગુરુસેવક રનર્સઅપ રહ્યા હતા. ફ્રી સ્ટાઈલ કુશ્તીની ૫૭ કિગ્રા કેટેગરીમાં ગુજરાત ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ વીંગ કમાન્ડર નરેન્દ્રસીંગ વિજેતા તથા ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ જર્રે શરદ રનર્સઅપ રહ્યા હતા. આ કુશ્તીની ૯૭ કિગ્રાથી વધુની કેટેગરીમાં એમએન્ડસી ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ નરેન્દ્ર વિજેતા અને ગુજરાત ફ્રન્ટિયરના કોન્સ્ટેબલ રામવીરસીંઘ રનર્સઅપ રહ્યા હતા.

# પીડીપીયુ માર્ગ પર અકસ્માતમાં ઘાયલ યુવકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર-કોબા માર્ગ પર પીડીપીયુ ક્રોસ રોડ નજીક ગત રાત્રીના સમયે બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલક યુવાનને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે ગાંધીનગર હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં સારવાર બાદ આજે યુવકનું મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ વી.આર. ચૌધરી ચલાવી રહ્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર-કોબા માર્ગ પર આવેલ પીડીપીયુ કોલેજ ખાતે દીપક રાણા પ્રતાપ જીલાવત ઉ. ૨૮ (જોધપુર રાજસ્થાન) અભ્યાસ કરે છે. પીડીપીયુ ખાતે અભ્યાસ કરતા દિપકને રાજસ્થાન ખાતે રહેતો પોતાનો મિત્ર પ્રવિણકુમાર સત્યનારાયણ પ્રહરવાલ ઉ.૩૦ મળવા માટે આવ્યો હતો.

ગત રાત્રીના અંદાજે એક વાગ્યના અરસામાં બાઈક લઈને પીડીપીયુ તરફ જઈ રહ્યો હતો તે દરમ્યાન અચાનક ફુલ સ્પીડે માર્ગ પરથી પસાર થઈ રહેલી કારેની ટકકર વાગતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યો હતો ત્યાથી વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યો હતો જયા સારવાર દરમિયાન યુવકનું મૃત્યુ નિપજયુ હતું.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર ખાતે અભ્યાસ કરતા પોતાના જીગરજાન મિત્રને મળવા આવેલ યુવકનું અકસ્માતમાં મૃત્યુ નિપજતા રાજસ્થાન ખાતે રહેતા પરિવારમાં તેમજ તેમજ ગાંધીનગરમાં અભ્યાસ કરતા મિત્ર વર્તુળમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે દિપક રાણાપ્રતાપ જીતાવતની ફરિયાદ નોંધી પીએસઆઈ વી.આર. ચૌધરી વધુ તપાસ હાથ ધરી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# નીટ અને જેઈઈ પરીક્ષા માટે પ્રશ્નબેંક તૈયાર કરાઈ

## શિક્ષણમંત્રીની ઉપસ્થિતમાં આવતીકાલે વિમોચન કરાશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળના ૪૭મા સ્થાપના દિન નિમિત્તે તૈયાર કરાયેલા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નીટ, જેઈઈ અને ગુજકેટ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ખુબ જ ઉપયોગી એવી પ્રશ્નબેન્ક અને ડીવીડીનું આગામી તા. ૨૦ ઓક્ટોબર-૨૦૧૬ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે, ટાઉનહોલ-ગાંધીનગર ખાતેથી શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે વિમોચન-લોકાર્પણ કરવામાં આવશે.

આ વિમોચન પ્રસંગે રાજયકક્ષાના શિક્ષણ મંત્રી નાનુભાઈ વાનાણી તેમજ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ રાજયમંત્રી જયદ્રથસિંહ પરમાર પણ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, પાઠ્યપુસ્તક મંડળ દ્વારા રાજયના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે પડતી મુશ્કેલીઓ દુર કરવા પ્રશ્નબેન્ક તૈયાર કરવામાં આવી છે. આ પ્રશ્નબેન્કમાં જીવવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાન વિષયની એક એક એમ ત્રણ પુસ્તકો તથા ગણિત વિષયના બે પુસ્તકો એમ મળી કુલ-૫ પુસ્તકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજયની તમામ વિજ્ઞાન પ્રવાહની શાળાઓને ૮૮ લાખની કિંમતના પાંચ પુસ્તકોનો એક સેટ એવા પાંચ સેટ વિનામુલ્યે પાઠ્યપુસ્તક મંડળ તરફથી આપવામાં આવશે. તદઉપરાંત તમામ પ્રશ્નબેન્ક સમાવતી ડીવીડીના પાંચ સેટ પણ આપવામાં આવશે.